# હિંમતનગરમાં રાજ્ય કક્ષાની કરાટે સ્પર્ધા યોજાઈ : નેશનલ કરાટે સ્પર્ધામાં ૫૫ ખેલાડીઓ પસંદગી પામ્યા

### રાજ્ય કક્ષાની બે દિવસીય કરાટે સ્પર્ધામાં ૪૫૦ ખેલાડીઓએ ભાગ લીધો

સાબરકાંઠા જીલ્લાના હિમતનગરના રમત-ગમત સંકુલ ખાતે રાજ્ય કક્ષાની કરાટે સ્પર્ધા બે દિવસ યોજાઈ ગઈ જેમાં રાજ્યના ૨૦ જીલ્લામાંથી ૪૫૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો જેમાં ૫૫ ખેલાડીઓ નેશનલ સ્પર્ધામાં પસંદગી પામ્યા હતા.





આ અંગે સાબરકાંઠા જીલ્લા કરાટે એસોસીએસનના સેક્રેટરી અને રાજ્ય કક્ષાની કરાટે સ્પર્ધાના આયોજક જુજારસિંહ વાઘેલાએ જણાવેલ કે હિમતનગરના રમત-ગમત સંકુલ ખાતે બે દિવસીય રાજ્ય કક્ષાની કરાટે સ્પર્ધાનું આયોજન કરવામાં જેમાં રાજ્યના ૨૦ જીલ્લામાંથી ૪૫૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો જેમાં ૬ વર્ષ થી માંડીને ૧૮ વર્ષ અને તેથી વધુ ઉમરના ખેલાડીઓનો સમાવેશ થાય છે.શનિવારે શરૂઆત થઇ હતી સ્પર્ધા અને રવિવારે સાંજે પુર્ણાહુતી થઇ હતી આ સ્પર્ધામાં નાની ઉમરથી માંડીને મોટી ઉમરના ખેલાડીઓએ કાતા અને કુમીતે રજુ કર્યું હતું જેમાં વિજય થયેલા ૨૫ છોકરીઓ અને ૩૦ છોકરાઓ મળી ૫૫ ખેલાડીઓ નેશનલ કક્ષાની કરાટે સ્પર્ધામાં પસંદગી પામ્યા હતા જે ખેલાડીઓએ મે-૨૦૧૭માં ઉત્તરખંડના મસુરીમાં ભાગ લેવા જશે.આ અંગે જુજારસિંહ વાઘેલાએ જણાવેલ કે આ રાજ્ય કક્ષાની કરાટે સ્પર્ધા ગત વર્ષે કચ્છના ગાંધીધામ ખાતે યોજાઈ હતી જેમાં છોકરીઓનું પ્રમાણ ઓછુ હતું જયારે આ વર્ષે પ્રમાણ વધ્યું છે કારણ એજ છે કે હાલની પરિસ્થિતિમાં દેશમાં બળાત્કાર એસીડ એટેક સહીત ગુનાઓ સામે કરાટે થી છોકરીઓ આત્મ રક્ષણ કરી શકે છે અને પોતાનું કેરિયર પણ બનાવી શકે છે એ ઉપરાંત પોતાની તંદુરસ્તી પણ જળવાઈ રહે છે કરાટે થી લાભો વધુ છે માટે છોકરીઓ કરાટે રમતમાં જોડાય છે.

**મોડાસા શિક્ષણનગરીને કલંકિત કરતી ઘટના**

# મોડાસાની ખાનગી શાળામાં સીસીટીવી કેમેરાથી બચી ધોરણ-૧૨ની પરીક્ષામાં સામુહિક ચોરી

મોડાસા, તા. ૧૯

ગુજરાત શિક્ષણ વિભાગ દ્વારા તાજેતરમાં યોજાઈ રહેલી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડની ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષામાં પરીક્ષાર્થીઓ અને શાળાના સંચાલકો દ્વારા સામુહિક ચોરીની ઘટનાઓ વારંવાર બનતા તેને ડામવા શિક્ષણતંત્ર અને બોર્ડ દ્વારા પરીક્ષા કેન્દ્રોમાં સીસીટીવી કેમેરા હોય તે જ શાળાઓને પરીક્ષા કેન્દ્રો ફાળવી પરીક્ષાઓ યોજવામાં આવે છે. જેથી ચોરીની ઘટનાઓ પર અંકુશ મેળવી શકાય તેમ છતાંય કેટલાક પરીક્ષાર્થીઓ અને સંચાલકો સામુહિક ચોરીઓ કરવા અને કરાવવા નીત નવા નુસ્ખા અપનાવી આબાદ પરીક્ષામાં ચોરીની ઘટનાને અંજામ આપતા હોય છે. આવી જ એક ઘટના અરવલ્લી જિલ્લાના શિક્ષણ નગરી તરીકે જાણીતા મોડાસા શહેરમાં શનિવારે યોજાયેલી ધો. ૧૨ની ભૂગોળના વિષયની પરીક્ષામાં એક ખાનગી સ્કૂલના સંચાલકો કે પછી નિરીક્ષકો દ્વારા સામૂહિક ચોરી કરાવવાની કલંકિત ઘટના બનતા શિક્ષણ આલમને કલંકીત કરનારી ઘટના સોશ્યલ મીડીયા અને પરીક્ષાર્થીઓમાં ટોક ઓફ ધી અરવલ્લી બની છે.

મોડાસા શહેરની એક જાણીતી અને મોટાપાયે ફી ઉઘરાવી પૈસાદાર નબીરાઓને અને બાળકોને કહેવાતુ ઉચ્ચ શિક્ષણ આપતી ખાનગી શાળામાં ધો. ૧૨ની બોર્ડની પરીક્ષાનું કેન્દ્ર ફાળવવામાં આવ્યું છે. આ ખાનગી શાળામાં ધો. ૧૨ના ભુગોળ વિષયની તા. ૧૮-૩-૨૦૧૭ અને શનિવારે લેવાયેલી પરીક્ષામાં ખાનગી શાળાના એક બ્લોકમાં (ક્લાસરૂમમાં) બે નીરીક્ષકોની ઉપસ્થિતિમાં બહારથી આવેલા બે વ્યક્તિઓએ તમામ પરીક્ષાર્થીઓને સામુહિક ચોરી કરાવતા ક્લાસરૂમમાં પરીક્ષા આપતા અન્ય હોશીયાર વિદ્યાર્થીઓમાં આક્રોશ જોવા મળ્યો હતો અને શાળાના કેન્દ્ર સંચાલકો કે નિરીક્ષકો અન્ય વિષયની પરીક્ષામાં અડખલીરૂપ ન બને તે માટે મૌન ધારણ કરી લીધુ હતુ. કેટલાક વિદ્યાર્થીએ સામુહિક પરીક્ષા અંગે નિરિક્ષકોને પ્રશ્નાર્થ કરતા ચૂપ કરી દેવાયા હતા અને આ આક્રોશ એક પરીક્ષાર્થીએ સામુહિક ચોરીને અટકાવવા અને હોંશિયાર વિદ્યાર્થીઓને અન્યાય ન થાય તે માટે ફેસબૂક અને ટ્વીટર પર સામુહીક ચોરીની ઘટના ઉજાગર કરી જંગ છેડી દીધો છે. સમગ્ર અરવલ્લી જિલ્લામાં આ ખાનગી શાળાના પગલા સામે ફીટકાર વરસાવી શિક્ષણ નગરીને કલંકિત કરી દેતા આક્રોશ જોવા મળી રહ્યો છે.

ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ અને માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણબોર્ડ દ્વારા પરીક્ષાર્થીઓ ચોરી કરતા બંધ થાય અને સામુહિક ચોરીઓને ડામવા અનેક પગલા લઈ તે સંદર્ભે સીસીટીવી કેમેરાની તીસરી આંખની નીચે જ પરીક્ષા યોજવામાં આવતી હોવા છતાં શિક્ષણતંત્ર અને શિક્ષણ અધિકારી દ્વારા આ ખાનગી શાળાને દંડ ફટકારવાની સાથે હોંશિયાર વિદ્યાર્થીઓના ભાવિ સાથે રમત રમતી શાળાનુ પરીક્ષા કેન્દ્ર રદ કરશે કે પછી આ ઘટના પર ઢાંકપીછોડો કરી ભીનુ સંકેલી લેવામાં આવશે તે જોવુ રહ્યું.

**સામુહિક ચોરી સામે પરીક્ષાર્થીએ છેડેલો સોશ્યલ મીડીયામાં જંગ : ડરથી ગભરાયેલી પરીક્ષાર્થીએ શાળાના નામનો ઉલ્લેખ ટાળ્યો : સામુહિક ચોરીની ઘટના ટોક ઓફ ધી સ્ટુડન્ટ**

## મોડાસાની ખાનગી શાળાની સામુહિક ચોરી સામે જંગે ચડનાર પરીક્ષાર્થીના જણાવ્યા અનુસાર

મોડાસાની ખાનગી શાળામાં ભૂગોળ વિષયમાં થયેલી સામુહિક ચોરી સામે શોશ્યલ મીડીયામાં જંગે ચડનાર વિદ્યાર્થીના જણાવ્યા અનુસાર તેની પરીક્ષા કેન્દ્ર ખાનગી શાળાના બ્લોક નં. ૧૭માં ભૂગોળ વિષયની પરીક્ષા બપોરે ૩ થી ૬ સુધી આપી રહી હતી ત્યારે પરીક્ષાના થોડાક સમય બાદ એક વ્યક્તિ તેની ક્લાસરૂમની બારીમાંથી જવાબો લખાવવાનુ શરૂ કરતા પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને ન સંભળાતા સીફતરૂપ ક્લાસરૂમમાં પ્રવેશી સીસીટીવી કેમેરાના કવરેજ ન આવતા હોય તેવી જગ્યાએ ઉભા રહી તમામ પરીક્ષાર્થીઓને નીચે મોં રાખવાનું જણાવી ૨૫ માર્કસના પ્રશ્નોના જવાબો લખાવવામાં આવ્યા હતા અને ક્લાસરૂમમાં પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ એકબીજાની નજીક અડકી અડકીને જવાબ લખી રહ્યા હોવા છતા નીરીક્ષકોએ કંઈ જ કાર્યવાહી ન કરતા આ અંગે સોશ્યલ મીડીયાના ફેસબુક, ટ્વીટર પર જંગ છેડ્યો છે. તદ્ઉપરાંત ગાંધીનગર શિક્ષણ વિભાગને રજૂઆત કરી હોવાની જણાવ્યું હતુ.

# રાજ્યમાં મહત્તમ તાપમાનમાં ફેરફાર

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ શહેરમાં આજે બપોરના ગાળામાં તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. જો કે, આજે રવિવાર હોવાના લીધે લોકો મોટાભાગે ઘરથી બહાર નિકળ્યા ન હતા. રસ્તાઓ બપોરના ગાળામાં સુમસામ દેખાયા હતા. આજે અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાન ગઈકાલે શનિવારની સરખામણીમાં ઘટીને ૩૪.૬ ડિગ્રી નોંધાયું હતું જ્યારે લઘુત્તમ તાપમાનમાં ૨૧.૫ ડિગ્રી રહ્યું હતું. હવામાન વિભાગ તરફથી કોઈપણ પ્રકારની હિટવેવની ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ તીવ્ર ગરમીનો અનુભવ લોકો કરી રહ્યા છે. મોટાભાગના નિષ્ણાત તબીબો હાલમાં બહારની ચીજોનો ઉપયોગ નહીં કરવાની સલાહ આપી રહ્યા છે. પાટનગર ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી રહ્યું હતું. સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા ભાગોમાં પારો હજુ પણ ઉંચી સપાટીએ છે.

# મેઘરજના મોટીમોરી યુવાન હત્યા પ્રકરણમાં રમાડ ગામનો આરોપી ઝડપાયો

મેઘરજ, તા. ૧૯

મેઘરજ તાલુકાના મોટીમોરી ગામના અતુલ બાબુભાઈ રોત નામના ૨૦ વર્ષીય યુવાનની ધૂળેટીના દિવસે સવારે તેના ઘર નજીક આવેલ ખેતરમાંથી મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. મૃતક યુવાન અતુલ બાબુભાઈ રોતની પ્રેમપ્રકરણમાં હત્યા થઈ હોવાની અતુલના પિતાએ ઈસરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા ઈસરી પોલીસે આ હત્યામાં તાલુકાના રમાડ ગામના ખાતુભાઈ જીવાભાઈ ડેડૂણ અને મળતીયાઓ સામે હત્યાનો ગુન્હો દાખલ કરી હત્યારાઓને ઝડપી લેવા અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે ત્રણ ટીમો બનાવી પોલીસની ટીમોએ તપાસ હાથ ધરી રમાડ વિસ્તારમાં સઘન વોચ ગોઠવી શંકાસ્પદ ઈસમોને ઝડપી પાડવા સક્રિય બની રમાડ ગામના રમેશ જીવાભાઈ ડેડૂણને ગત શુક્રવારે ઝડપી પાડી આગવી ઢબે પૂછપરછ કરતા રમેશે પોલીસને હત્યા અંગે તમામ હકીકત જણાવી દીધી હતી.



રમેશના જણાવ્યા મુજબ આ હત્યા રમેશ તથા ગોવિંદ ડેડૂણ, મહેન્દ્ર ડેડૂણ તથા સુરેશ ડેડૂણે ભેગા મળી હત્યાની ઘટનાને અંજામ આપ્યો હતો. જેમાં અતુલને યુક્તિપૂર્વક રમાડ ગામે બોલાવી તેનુ ગળુ દબાવી હત્યા કરી હતી અને અતુલના મૃતદેહને ચાદરની ઝોળીમાં મુકી મોટીમોરી ગામ નજીક ડુંગર તરફ જવાના માર્ગ પર આવેલા એક ખેતરમાં મુકી આવ્યા હતા. પોલીસે આ હત્યામાં સંડોવાયેલા અન્ય આરોપીઓને પણ ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરી દીધા છે.

# આજે વિશ્વ ચકલી દિવસ... ચકલીઓ જોવા મળી દુર્લભ

### મોડાસાના બંગ્લોઝમાં ગાર્ડનના નાના છોડ વચ્ચે ચકલીએ માળો બનાવ્યો પરિવાર દ્વારા માવજત

મોડાસા, તા. ૧૯

હવાની લહેરખી માત્રથી ફફડી ઉઠે તેવી સંવેદનશીલતા ધરાવતી ચકલી આજે દૂર્લભ બની છે. ૨૦ માર્ચ એટલે વિશ્વ ચકલી દિવસ. ચકલીઓને બચાવવા માટે માળા અને પંખીઘરના વિતરણના અભિયાન ચાલી રહ્યા છે. તેવી સ્થિતિ વચ્ચે અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના માઝૂમ નદીના કિનારે એક બંગ્લોઝના ગાર્ડનમાં નાના છોડમાં અસ્તીત્વ ટકાવી રાખવા માનવીની અવર-જવર વચ્ચે પોતાનો માળો બનાવ્યો છે. તથા બચ્ચાનો ઉછેર કરી રહી છે. બંગ્લોઝના માલિક અને તેના પરિવાર દ્વારા ચકલીના માળા અને તેની અંદર રહેલા બચ્ચાની માવજત કરવામાં આવી રહી છે.



પોતાના મળતા કુદરતી સંકેતો અનુસાર સલામત જગ્યા શોધીને પક્ષીઓ માળો બનાવતા હોય છે. તેમાંય ચકલી જેવુ સંવેદનશીલ પક્ષી માણસો અને વાહનોની અવર-જવર વચ્ચે માળો બનાવી ઈંડા મુકે ખરૂ ? ત્યારે મોડાસા શહેરના માઝુમ નદીના કિનારે આવેલી પારસ સોસાયટીના એક બંગ્લોઝના ગાર્ડનમાં રહેલા નાના છોડવાઓની વચ્ચે દોઢેક મહિનાથી માળો બનાવી રહેતી ચકલી અસ્તિત્વ સામે સતત ઝઝુમતી અવસ્થામાં પોતાના બે બચ્ચાનો ઉછેર કરી રહી છે. સમયના વહેણની સાથે ઘણા પ્રાકૃતિક ફેરફારો જીવસૃષ્ટિમાં આવતા હોય છે. ત્યારે ચકલીઓ પણ પ્રકૃતિ બદલી કોંક્રીટના જંગલો વચ્ચે રહેવા મજબૂર બની છે.

સમગ્ર વિશ્વમાં જંગલોના વિકાસના નામે આડેધડ માનવીઓએ નિકંદન કાઢી નાખતા અને ગ્લોબલ વોર્મીંગની અસર વાતાવરણમાં છેલ્લા કેટલાય વર્ષોથી તાપમાનમાં નોંધપાત્ર વધારો થતા તદ્ઉપરાંત ધ્વની પ્રદૂષણ અને મોબાઈલ ટાવરોના રેડિએશન વચ્ચે અનેક પક્ષીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ઘરમાં અને ઘરના આંગણામાં ચીચી.. અવાજ કરતી ચકલીઓ અદ્રશ્ય બની છે. તેમ મોડાસા શહેરના જીવદયાપ્રેમી નિલેષભાઈ જોષીએ જણાવ્યુ હતુ. સાથે સાથે હવે આવનાર પેઢીને ચકલી પક્ષી વિષે મોબાઈલ, ટેબ્લેટ કે પછી શાળાની ચોપડીઓમાં ફોટા બતાવી સંતોષ વ્યક્ત કરવો પડે તો નવાઈ નહિ તેવી ટકોર કરવામાં આવી હતી.

અરવલ્લી જિલ્લામાં સેવાકીય સંસ્થાઓ જેવી કે લાયન્સ ક્લબ ઓફ મોડાસા, જેસીઆઈ મોડાસા, જાયન્ટસ ગૃપ ઓફ મોડાસા, મારૂતિ વિકાસ મંડળ અને ખંભીસર, મોટી ચીચણો સહિત યુવાનોની ટીમો અને સામાજીક સંસ્થાઓ શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં પંખીઘર અને પાણીના માટીના કુંડાનું વિતરણ કરી ચકલીઓને નામશેષ થતી બચાવવા સતત પ્રયત્નશીલ બનતા ધીરે ધીરે લોકોમાં ચકલીઓ બચાવવા જાગૃતિ ઉત્પન્ન થઈ રહી છે.

## મોડાસા-શામળાજી માર્ગ પર અકસ્માતમાં ઈજાગ્રસ્ત ખેડૂતનું મોત

મોડાસા,તા.૧૯

અરવલ્લી જિલ્લામાં મોડાસા-શામળાજી હાઈ-વે ઉપર કારની જીવલેણ ટકકરે બળદગાડાના ઈજાગ્રસ્ત ચાલક ટીટોઇના ખેડૂતનું અમદાવાદમાં લાંબી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ખેતરે બળદગાડું લઈ નીકળેલા ટીટોઈના ખેડૂત લવજીભાઈ દયારાભાઈ પટેલ ટીટોઈના પુલના નાકે પહોંચ્યા હતા ત્યાં પુરઝડપે અને બેદરકારી અને ગફલતભરી રીતે પોતાના કબજાની કાર હંકારી લાવી હુજના રહીશ કાર ચાલકે ગાડાને જીવલેણ ટક્કર મારતા બળદગાડાના ફુરચા ઉડી ગયા હતા અને બળદ રોડ ઉપર ફસડાઈ પડતાં ઘટના સમયે અહીં લોકોના ટોળા પણ એકત્ર થઇ ગયા હતા અને આ સ્થળે વારંવાર સર્જાતા અકસ્માત સંદર્ભે હાઈવે સત્તાવાળાઓ સામે ભારે આક્રોશ પણ વ્યક્ત કર્યો હતો.

બીજી તરફ ગંભીર ઈજાગ્રસ્ત લવજીભાઈને તત્કાળ મોડાસા અને તે પછી અમદાવાદ ખાતે ખસેડાયા હતા જ્યાં ૩૫ દિવસની સઘન સારવાર પછી પણ અંતે આશાસ્પદ ખેડૂતનું મોત નીપજ્યું હતું.

# ખીમાણા દેનાબેંકની બાજુમાંથી બિન વારસી બાઈક મળી આવતા તર્ક વિતર્ક

કાંકરેજ, તા. ૧૯

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના ખીમાણા ગામે દેના બેંકને અડીને સમણવાનો રોડ આવેલ છે. જ્યાં પાન-બીડીના ગલ્લા તેમજ બાઈકના ઓટો પાર્ટસની દુકાન આવેલ છે તેની સામે જ બે દિવસથી એક કાવાસાકી બજાજ કંપનીનું અધુરો નંબર પ્લેટવાળુ જીજે..એફ..૦૨૩ નંબરનું બિનવારસી બાઈક લોકોની નજરમાં પડતાં જ તર્ક-વિતર્ક સર્જાયો હતો. જો કે દેનાબેંકને અડીને મુકેલ બાઈકમાંથી કોઈ વાંધાજનક ચિજવસ્તુઓ નહોતી. પરંતુ દેનાબેંકના સિક્યુરીટી ગાર્ડ અને આજુબાજુવાળાને પણ ખ્યાલ ન આવે તેવી રીતે કોઈક અજાણ્યો માણસ બાઈક મુકી જતો રહેલ હોવાથી ગામના જાગૃતિ નાગરીક મફાભાઈ આર. દેસાઈ (પોલીસ મિત્ર)એ શિહોરી પો. સ્ટેશનમાં જાણ કરી હતી અને પોલીસ સ્ટેશનમાંથી રણજિતસિંહ તથા કુંબાસિંહ પો.કો.એ બાઈકનો કબજો લઈ શિહોરી પોલીસ મથકે લઈ જઈ તપાસ હાથ ધરી છે. ત્યારે આવી બેંક પાસે બિનવારસી વાહન અથવા કોઈ વાંધાજનક ચિજવસ્તુઓ જો બેંક કર્મચારીને નજરમાં ન આવે અને સ્થાનિકોને પણ ખ્યાલ ન હોય તે કેટલા અંશે સત્ય. જો કે રવિવારનો દિવસ હોવા છતાં એગ્રીકલ્ચર દેનાબેંક ખીમાણાનો એક કર્મચારી બેંક ખોલીને બેસે તે શુ સુચવે છે. આમ ખીમાણા દેનાબેંકના કર્મચારીઓ અને સિક્યુરીટી ગાર્ડ સામે અનેક સવાલો ઉભા થવા પામ્યા છે. ત્યારે જોવું એ રહ્યું કે પોલીસ તપાસમાં સત્ય બહાર આવશે ખરા ? જેવો વેધક સવાલો લોક જીપે ચર્ચાનો વિષય બનવા પામ્યો છે.



## શિહોરી દેનાબેંકના કર્મચારીઓની બેદરકારીથી ગ્રાહકના ખાતામાંથી ૩૯૨૫ કપાયા

કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરીમાં આવેલી દેનાબેંકની વધુ એક કરતુત સામે આવી છે. જો કે વિનય એન્ટર પ્રાઈઝ ઉંબરીનો માલીક તા. ૪-૧-૨૦૧૭ના રોજ દેનાબેંક શિહોરીમાં પોતાના એકાઉન્ટ નં. ૦૨૯૬૧૧૦૩૧૦૫૨માં લેવડ-દેવડ માટે ૨૫ પાનાની નવી ચેક બુક લેવા માટે ગયેલ ત્યારે બેંકમાંથી પોતાના ખાતામાંથી બપોરે ૩.૦૨ વાગે ૩૪૧૩ કપાયા અને ૩.૦૮ વાગે રૂ. ૫૧૨ કપાયેલાનો પોતાના મોબાઈલમાં મેસેજ આવતા વિનય એન્ટર પ્રાઈઝનો માલીક માધવલાલ ખેમાજી માળી ચોંકી ઉઠ્યા હતા અને બેંકમાં દોડી ગયા હતા. ત્યારબાદ બેંક કર્મચારીઓએ ગલ્લાતલ્લા બતાવીને બેંકમાં અરજી આપવાનું કહેતા તા. ૧૧-૧-૨૦૧૭ના રોજ ફરી અરજી કરી પોતાના પૈસા જમા કરાવવા બેંકને આજીજી કરી હતી. પરંતુ શિહોરી દેના બેંક દ્વારા આજ દિવસ સુધી વિનય એન્ટર પ્રાઈઝને રૂપિયા પાછા જમા કર્યા નથી. આમ શિહોરી દેનાબેંકના કર્મચારીઓ પોતાની મનમાની ગ્રાહકો સાથે કરી નિયમો અને કાયદાના ધજિયા ઉડાવી રહ્યા છે. હવે જો શિહોરી દેનાબેંક ગ્રાહકના નાણા પરત નહિ આપે તો વિનય એન્ટરપ્રાઈઝના માલીકે આ બાબતે ઉચ્ચકક્ષાએ રજુઆત કરી બેંકની શાન ઠેકાણે લાવવા જણાવ્યુ હતુ.

# પાલનપુરમાં યોજાયો ત્રિશુલ દિક્ષા સમારોહ

ધર્મો રક્ષિત રક્ષત : ના ઉદ્દેશય સાથે કાર્યરત વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ દ્વારા આજે પાલનપુરના નગરદેવતા પાતાળેશ્વર મહાદેવના પ્રાંગણમાં ત્રિશુલ દિક્ષા સમારોહ યોજાયો હતો.

જેમાં ઉતર ગુજરાતના વિએચપીના અગ્રણી અમૃતજી ઠાકોરે દિક્ષાંત પ્રવચન આપ્યું હતું. આ પ્રસંગે બજરંગદળ અને વીએચપીના ૨૫૧ જેટલા યુવાનોને ત્રિશુલ દિક્ષા અપાઈ હતી. જે પ્રસંગે સંતો, મહંતો એ પ્રાસંગીક ઉદબોધન કરી ધર્મની રક્ષા કરવાવ સદાય તત્પર રહેવા યુવાનોને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે શિવસેનાના સ્વંયસેવકો પણ ખાસ હાજર રહ્યા હતા. તેમાં કમલેશ મહેતા, કીશોર જોષી, વનરાજસિંહ સાથે વિશ્વ હિન્દુ પરિષદના દિનેશ અવાના, ભગવાનદાસ, ડો. સુરેશ ગુપ્તા, કાન્તીલાલ પુરોહીત, નટુભાઈ કેશરસિંહ સહિત અનેક અગ્ર મીઓ કાર્યકર્તાઓએ સમારોહ બાદ શહેરના રાજમાર્ગો ઉપર ભગવા ધ્વજ સાથે હિન્દુ શૌર્યગીતો સાથે શોભાયાત્રા પણ યોજાઈ હતી.



